# પ્રકરણ : ૫

## ઉપસંહાર

ગુજરાત અને ભારતની ધરતી ઉપર ખેડાયેલી ગુજરાતી ભાષામાં અને ભારતની અન્ય ભાષામાં ખેડાયેલી નવલકથા જ્યાં આદિવાસી સમાજ અને સંસ્કૃતિ ઝીલાયેલી જોવા મળે છે. જેમાં ખાસ કરીને આદિવાસી સમાજનું રહેઠાણ એટલે કુદરતી તત્વો વડે ખડ-ઘાસની બનાવેલી તેમની ઝૂંપડી માટીનું લીંપણ એ તેમનું ઘર કુદરતના ખોળામાં જ્યાં જંગલ અને જંગલમાં ખેતરો અને સરસ મજાની નદીઓ વહે છે. ખેતરોમાં ડાંગર, ઘઉં, બાજરો, અડદ, મકાઈ વગેરે ધાન્યો પકવે છે. 'અરણ્યનો અધિકાર' નવલકથામાં છોટાનાગપુરમાં મુંડા આદિવાસી સમાજ મુંડાઓનો, આદિવાસીઓનો ભગવાન, નેતા બિરસામુંડા જે અલૌકિક સામર્થ્ય ધરાવે છે. અંગ્રેજો સામે લડત અને લોકોને જીવન જીવવાની રીત બતાવે છે. 'ઈયારુંઇંગમ' નવલકથા અસમિયા ભાષામાં લખાયેલી છે જેમાં નાગાલેન્ડમાં રહેતો નગા આદિવાસી સમાજ; 'આરણ્યક' નવલકથામાં અરણ્યમાં રહેતો આદિવાસી સમાજ જંગલમાં જ એમની ખેતી જંગલમાં જ એમના મેળા, મેળાવડા તથા બોલી-ભાષા, પહેરવેશ, રીત-રિવાજોની સંસ્કૃતિ, પેટ માટે ખાવા મળ્યું ન બે માનવાચક

શબ્દો કે થોડો પ્રેમ મળ્યો તો બસ એ લોકો રાજી રાજી થઈ જાય છે. પેટ સિવાય એમની બીજી કોઈ સમસ્યા નથી. એટલે અરણ્યોમાંથી જે મળે છે એમાં એ રમમાણ રહે છે. નાગરિક સભ્યતાથી પણ એ તો દૂર છે, નિજમાં મસ્ત છે. આદિકાળના માણસની સરળતા અને પ્રામાણિકતા આ આદિજનોમાં છે.

ગુજરાતમાં જ અને ગુજરાતી ભાષામાં કંડારાયેલી નવલકથા એટલે 'મેઘલી રાતે' સુરત જિલ્લો અને બારડોલી તાલુકામાં સીયાદલા, ઓરપાડ, જંગીપુરા વગેરે ગામોમાં રહેતો હાળી આદિવાસી સમાજ પ્રકૃતિના ખોળામાં ઉછરતા જમીનદારોના હાથે પિસાતા આ સમાજને જયંત જેવો માર્ક્સવાદી પણ ઉગારી શકતો નથી. 'કાળા અખ્ખર કોહાડે મારેલા' જેવા રૂઢિપ્રયોગો, 'ખાવાના કુશકાં અને વે'વાની ઇંટ' જેવી કહેવતો અને 'ચાઈલા', 'કે'વ', 'કની', 'લાખા', 'હમજ' જેવી ભાષા બોલી વાક્વ્યવહારમાં પ્રયોજન કરતો આદિવાસી સમાજ; 'કોતરની ધાર પર' નવલકથામાં સમાજમાં રહેલો ગંભીર પ્રશ્ન બતાવવા માટે પ્રયાસ કર્યો છે. ફૂલી-ભાથીના અનૈતિક સંબંધો બંધાય છે. ફૂલીને ૧૨ વરસનો છોકરો સુખી સંસાર છોડીને ભાથીના પ્રેમમાં અંધ બને છે અને રાત-દિવસ જ્યારે સમય મળે ત્યારે શરીર સુખ ભોગવે છે. નીતિ-અનીતિ યોગ્ય-અયોગ્ય પોતાની આબરૂ કે કોઈ કશો જ વિચાર કર્યા વગર ભાથી સાથે જે નોકરનું કામ કરે છે તેની સાથે 'કોતરની

ધાર પર' ઘર બાંધશું એવા વિચાર કરીને તે ઘર છોડીને ભાથી સાથે ભાગી નીકળે છે. સમાજમાં આવા પ્રશ્નો ઉદયની જેમ કોરી ખાય છે. જે ગંભીર નોંધ લેવા જેવી બાબત છે. 'અંધારું' નવલકથામાં પંચમહાલના દેદાવાડા તથા નાના-નાના જૂથોમાં વસતા નાયકા આદિવાસી સમાજની વાત કરવામાં આવી છે. પાટીદારો અને કણબીઓને ત્યાં મજૂરી કરવાની જેવી કે ખેતર ખેડવાનાં, નીંદવાનું, રાયડી કાઢવાની, દવાઓ છાંટવાની, બળદ ચારવાના વગેરે વગેરે બધાં જ કામો કરવાના પૂછીને પાણી પીવાનું, છણકા ખાવાના, ઘાંચી એના બળદને પોરો ખાવા છોડે પણ કણબી એમને ના છોડે. એ નાયકા આદિવાસી સમાજની આપવીતી છે તથા રૂમાલ રેશમને લઈને ભાગી નીકળે છે. કોઈની વહુ કોઈને રેવા જાય તો નવા ધણીએ જૂના ધણીને ૫૦૦ રૂપિયા ગણી આલવા પડે તો કોઈને વેરઝેર ના રહે તથા તેમની ભાષા-બોલી અસ્સલ આદિવાસી લ્હેકા-મરોડમાં ધારદાર જોવા મળે છે. 'વગડો' નવલકથામાં ડાંગ-આહવાના ડુંગરવેલ ગામની લલિતા નામની આદિવાસી સમાજની છોકરીની વાત કરવામાં આવી છે. લલિતા ચંદ્રસિંહ જાડેજા સાહેબના ઘેર કામવાળી છોકરી તરીકે કામ કરે છે. લલિતાને ઘર-કુટુંબમાં યોગ્ય ઉંમરે પ્રેમ મળતો નથી. તેથી તે પ્રકાશ મહેતાને પોતાનો પિતા માને છે. પરંતુ તે ભાવાવેશમાં આવીને લલિતા પોતાનું શરીર સુખ

પ્રકાશ મહેતાને ધરી દે છે. ક્યારેક લલિતાનો પાલનહાર ચંદ્રસિંહ જાડેજા પણ એને હેવાનિયતનો શિકાર બનાવવા ઇચ્છે છે. અંતે એની હત્યા કરવામાં આવે છે. આદિવાસી સમાજ હોળીના તહેવારમાં દારૂ-તાડી પીવે છે. એકબીજાને કલર છાંટે છે. ઔરત અને મરદ બધાં જ હંગાથે હાથમાં હાથ ભેરવીને નાચે છે. આમ, આદિવાસી સમાજની સંસ્કૃતિની ઝલક અહીં જોવા મળે છે.

'મંડોળ' નવલકથામાં ગુજરાત રાજ્યના પૂર્વ સિમાડેના દાહોદ જિલ્લાનો વિસ્તાર જે રાજસ્થાન અને મધ્યપ્રદેશ રાજ્યની સરહદને સ્પર્શે છે. આ સંગમપ્રદેશમાં પથરાયેલી ને ઊંડાણના વિસ્તારમાં વિસ્તરેલી આદિવાસી ભીલ પ્રજાની સાંસ્કૃતિક પરંપરાને વિષય બનાવી પ્રજાજીવનની આંતરબાહ્ય છબીઓને આ લઘુનવલકથામાં ઉપસાવવામાં આવી છે. આ લઘુનવલકથાની શૈલી મધ્યગુજરાતની પૂર્વસરહદનાં ગામોમાં બોલાય છે. તે ભિલી બોલી છે. તેઓ જે ઉચ્ચારમાં આરોહ-અવરોહ કરે તેમજ લહેકે બોલે છે. તે જાળવવાનો પ્રયત્ન થયો છે. 'અરવલ્લી' નવલકથાને ધીરુબહેન પટેલ એને નવી ભાત પાડતી કથા કહીને પ્રમાણે છે. આદિવાસીઓનું જીવન અને તેમની સંસ્કૃતિની સુધરેલી સભ્યતાના પ્રતિનિધિ જેવો માણસ કઈ રીતે જુએ છે અને દરેક પ્રસંગે તેનું આંતરિક જીવન કેવું બદલાતું જાય છે. તેનો અદ્દભૂત ચિતાર અહીં મળે છે. આ માત્ર જંગલ

પ્રત્યેનો સાહજિક અભિગમ જીવન માણવાનો તેનો ઉલ્લાસ તેનું મનોમંથન તો નહીં કરતા હોય પરંતુ તેમનું મનોજગત કેવું છે. આ બધાનો ખ્યાલ આ ‘અરવલ્લી’ નવલકથામાં મળે છે. ‘દાપું’ લઘુનવલકથામાં દાહોદ જિલ્લાના ભીલ આદિવાસી સમાજની સામાજિક પરંપરાને કથાનો વિષય બનાવવામાં આવ્યો છે. આ વિસ્તારના ભીલ આદિવાસીઓમાં કન્યાના વારસદારોને દહેજ લેવાનો સામાજિક અધિકાર છે. કથા નાયિકા ધુળીએ બીજી વખત લગ્ન કર્યા. પ્રથમ પતિ દહેજ ચૂકવવાની વ્યવસ્થા ન થતાં ધાડ પાડવા ગયો ને મરાયો. બીજો પતિ દહેજ ચૂકવે તેમ નથી. છતાં ધુળીએ એની સાથે લગ્ન કર્યા ને સામાજિક ખટપટોમાં સપડાયાં. આદિવાસી સમાજમાં દહેજના કારણે મારામારી કે કાપાકાપી જેવી ઘટનાઓ ઘટે છે. ‘દાપું’ નવલકથાની નાયિકાએ સમાજનો નહીં પણ દાપુંનો વિરોધ કર્યો છે. નવલકથાની કથન શૈલીમાં ભાષા પ્રદેશ આદિવાસીની ભાષા પોતાના વિસ્તારમાં બોલાય તે ભીલી બોલીનો છે. બોલીના ઉચ્ચારમાં આરોહ-અવરોહ તેમજ લહેકાઓ જાળવ્યા છે. આમ, આદિવાસી સમાજની સભ્યતા સંસ્કૃતિ ઝીલવામાં આવી છે.

આમ, ગુજરાતી અને ભારતીય ભાષાઓની નવલકથામાં આદિવાસી સમાજનો પ્રદેશ પરિચય એમનું આંતરિક-બાહ્યસ્વરૂપ એમનો અન્ય સમાજ સાથેનો

નાતો. આદિવાસી સમાજની સંસ્કૃતિમાં એમની આવકારવાની રીત, લોકગીતો, ઉત્સવો અને મેળાવડાઓ રીતરિવાજો, પોશાક, વ્યસન અને ટેવો, ખાણીપીણી તથા સમાજમાં રહેલી અંધશ્રદ્ધા વિશેની ઝાંખી કરવામાં આવી છે તથા આદિવાસી સમાજમાં રહેલી ભાષા સંસ્કૃતિ જેમાં તેમની કહેવતો, રૂઢિપ્રયોગો તથા પોતાની જ બોલીમાં નવો લય લહેકો આરોહ-અવરોહ પણ જોવા મળે છે. આમ, આદિવાસી સમાજની સંસ્કૃતિ નિત નવાં પગલાં માંડે છે.

●